dakshinayan
દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC

# VNSGU

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

Veer Narmad South Gujarat University, Surat

**July 2016** **For private circulation only** **Vol. 08 - Issue 175-176**

શિક્ષક હોવું એ વ્યાપક જવાબદારીની અનુભૂતિ છે. જાતે ભણવું સહેલું છે અને બીજાને ભણાવવું અઘરું છે. સમજવાની યોગ્યતા સૌની અલગ હોય છે. ભણાવનાર વિષયને સમજે છે. ભણનારની સમજણ હજી વિકસી નથી. આ અવસ્થામાં શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે સામંજસ્ય સ્થાપવું ખૂબ જટિલ છે. આ જટિલતાને સરળતામાં બદલી શકે, એ જ સાચો શિક્ષક છે.

**આચાર્ય મહાપ્રજ્ઞજી**

## દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

એકવીસમી સદી જ્ઞાનની સદી છે. આ સદીને ભારતની સદી તરીકે સૌ ભારતીય જોઈ રહયા છે. જે એક સત્ય છે પણ સત્યની સાથે સાથે ચેલેન્જ પણ છે. શિક્ષણ અને એમાં ય ખાસ તો ઉચ્ચશિક્ષણ સાથે સંકળાયેલા સૌ કોઈએ આ ચેલેન્જને ઉપાડી લેવા હેતુસર પ્રતિબધ્ધ થવું પડશે. સમાજ, સરકાર, રાષ્ટ્ર અને સમગ્ર માનવજાતને શિક્ષણ પાસેથી ઘણી મોટી અપેક્ષા છે. શિક્ષણ એ કોઈ પણ રાષ્ટ્રનો પાયો છે. જેવું શિક્ષણ તેવો માણસ અને જેવો માણસ તેવો સમાજ એ હકીકત ઉવેખવા જેવી નથી. શિક્ષણ શિક્ષક એટલે કે ગુરૂ આપે છે માટે જેવો શિક્ષક તેવું શિક્ષણ એમ ઉમેરવું પડે. માણસને સર્વગુણ સંપન્ન બનાવવાની જવાબદારી શિક્ષક ઉપર છે. રાજગોપાલાચારીએ કહેલું કે 'શિક્ષણ એ તો ચેતનાની ખેતી છે.' ચેતનાની ખેતી ચેતનવંતા શિક્ષક વિના શકય નથી. આ જવાબદારીને નિષ્ઠાપૂર્વક અને પ્રેમપૂર્વક અદા કરવાની છે. શિક્ષકે શિક્ષક તરીકેની જવાબદારી નિભાવવી એ જ એનું સનાતન કાર્ય છે.

શિક્ષકનું અત્યંત મહત્વનું જો કાઈ કામ હોય તો પ્રતિ ક્ષણ બદલાતી જતી દશાને દિશા આપવાનું છે. આ માટે વિચાર વિમર્શ સતત થતો રહેવો જોઈએ. શિક્ષણને કેવળ વ્યવસાયના ક્ષેત્ર તરીકે જોનાર કે લેનાર આ કામ ન કરી શકે. માત્ર અને માત્ર પગાર ઉપર ધ્યાન કેન્દ્રિત કરનાર શિક્ષક માનવનિર્માણ અને એ દ્વારા રાષ્ટ્રનિર્માણ કયારેય ન કરી શકે. મધ્યકાળના કવિ અખાએ કહયું છે તેમ એવો શિક્ષક તો 'આંખનું કાજળ ગાલે ઘસ્યું' ની પ્રવૃત્તિ કરતો રહે છે. જે વ્યકિત પોતાના જ માર્ગથી-ધ્યેયથી વિચલિત થઈ ગયો હોય તે વળી અન્યને તો ધ્યેય પ્રાપ્તિ કેવી રીતે કરાવી શકે?! ભણાવનાર શિક્ષક પોતાને શું મળશે તે દ્રષ્ટિથી ભણાવે અને ભણનાર ભણવાથી ભવિષ્યમાં વધુ પૈસો કેવી રીતે પ્રાપ્ત થશે એ દ્રષ્ટિથી ભણે તો એમાં કશો શકકરવાર ન વળે. અલબત્ત શિક્ષક સામાજીક વ્યકિત છે. એને ય પરિવાર છે. એને ય જીવન જરૂરિયાતો છે. સંતાનો એને ય ઉછેરવાનાં-ભણાવવાનાં છે. છતાં શિક્ષણને વ્યવસાય લેખે કયારેય કોઈ શિક્ષકે ન લેવું જોઈએ. શિક્ષક જ્યાં સુધી આ સમજે નહીં ત્યાં સુધી બધા ફેરા નકામા. શિક્ષણ અર્થપરાયણ ન ગણાવું જોઈએ. 'પગાર વધુ અને કામ ઓછું' એવો પવન વાય એ કોઈ પણ રાષ્ટ્ર માટે કલ્યાણકારી નથી. વંદનીય રવિશંકર મહારાજે શિક્ષણ વિશે પોતાના વિચારો આ શબ્દોમાં મૂકયા છેઃ

"અત્યારે શિક્ષકો પૈસાને સંપત્તિ માને છે. એટલે શિક્ષણ એક ધંધો થઈ પડયો છે. પહેલાના વખતમાં ગુરુકુળ હતાં. તેમાં જે શિક્ષકો હતા તેમની સંપત્તિ બાળકો હતાં, પણ પૈસા નહીં. તેઓ બાળકોને પોતાની સંપત્તિ માનીને અહોભાગ્ય સમજતા હતા. તે વખતે શિક્ષકનો ધંધો નહીં પણ ધર્મ હતો. અંગ્રેજોએ આપણને મોટામાં મોટું નુકશાન જો કંઈ કર્યુ હોય તો તે આ જ છે. પણ ધર્મને બદલે શિક્ષણને ધંધો બનાવી દીધો. ખરું જોતાં તે ધર્મ છે, જેમ માતાનો છોકરાં ઉછેરવાનો ધંધો નથી પણ ધર્મ છે, શિક્ષક ભણીને ન થવાય. તે તો સ્વભાવથી જ શિક્ષક હોય."

શિક્ષક વ્યવસાયે જ નહીં પણ સ્વભાવે ય શિક્ષક થાય એ અત્યંત જરૂરી છે. સ્વભાવ-વત્સલ સ્વભાવ શિક્ષકનો જરૂરી ગુણ છે ને એથી પ્રત્યેક શિક્ષકે એ કેળવ્યા વગર નથી ચાલવાનું. પોતે કોણ છે? શું કરી કહયો છે ? શા માટે કરી રહયો છે ? એ શિક્ષકે વિચારવાનું છે. આવું વિચાર્યા વગર વર્ગખંડમાં જતો શિક્ષક મા સરસ્વતીના ગુનેગાર છે. પોતાના વિશે, પોતે જે કામ કરી રહયો છે તેની પવિત્રતા વિશે શિક્ષકને શ્રદ્ધા હોવી જોઈશે. કર્મઠતા, કાર્યનિષ્ઠા અને દૂરંદેશીતાનાં ગુણો કેળવનાર શિક્ષક જ સમાજમાં આદરપાત્ર બને છે. સમાજ શિક્ષકને સૌથી વધુ આદર આપે અને શિક્ષક આદરપાત્ર બને તેવી શુભ ભાવના.

તા. ૩૧ જુલાઈ, ૨૦૧૬

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## AAA

Following Peer Team Members were visited VNSGU for Academic and Administrative Audit of Knowledge Consortium of Gujarat, Education Department, Government of Gujarat during 18-20 July 2016. KCG has awarded grade B++ (Accredited) with 2.90 CGPA to VNSGU towards AAA.

1. Prof. (Dr.) R. L. Godara, (Chairman), (Vice Chancellor, HNGU, Patan.)
2. Prof. (Dr.) A. R. Jani (Member Co-ordinator), (Director SICART & Former Professor & Head, Department of Science, Sardar Patel University, Vallabh Vidyanagar.)
3. Dr. Girish C. Bhimani, (Member), (IQAC Director, Saurastra University, Rajkot.)
4. Dr. Tushar Hathi, (Member), (Navodita part, St. no. 3,Nr. Tulsi Bag, 150ft. Ring Road, Rajkot - 360005.)
5. Dr. A. M. Pancholi, (Member), (Retired Principal, Navjivan Science College, Dahod.)
6. Dr. Dipuba H. Devada, (Member), (Pro Vice Chancellor, HNGU, Patan.)
7. Dr. N. V. Sastry, (Member), (Director, HRDC Department, Sardar Patel University, Vallabh Vidhyanagar.)


















VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
DEPARTMENT OF COMPUTER SCIENCE




VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY






VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
DEPARTMENT OF COMPUTER SCIENCE




VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
DEPARTMENT OF COMPUTER SCIENCE




VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
DEPARTMENT OF COMPUTER SCIENCE

## Summer Training



Summer training in Bioinformatics was conducted from 6th June to 8th June 2016, at University campus in Biotechnology Department in association with Saffron Lifescience, Bilimora. Total 30 students including UG, PG, M. Phil., Ph. D. as well as teachers participated in Hand-on Training programme.

Experts from Saffron Lifescience, Mr. Alok Vaidya and Mr. Bhavesh Patel trained all the students. Topics covered in training were Primer designing, Oligo analysis, Nucleotide sequence retrivieval from gene bank, In Silico PCR, Nucleotide BLAST, Primer BLAST, Sequence scanner software, Data analysis and interpretation form the results of DNA sequencing, Bioedit software, Preparation of Phylogenetic Tree, Data submission to gene bank, Gene finder and Reading of Phylogenetic Tree. Overall organization and coordination of training was done by Dr. Gaurav Shah, Ass. Prof. & Coordinator of M. Sc. Biotechnology Course, VNSGU, Surat.

## ઓશો ચેર



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી તથા ઓશો લોટસ ચેરિટેબલ ટ્રસ્ટ સુરત અને ઓશો વર્લ્ડ ફાઉન્ડેશન, દિલ્હી પરસ્પર MoU દ્વારા યુનિવર્સિટીના નેજા હેઠળ ઓશો દર્શનના પ્રકાશમાં સામાજિક-સાંસ્કૃતિક તથા આધ્યાત્મિક પ્રવૃત્તિઓ ‘ઓશો ચેર’ અંતર્ગત કરી શકાશે. જે અંતર્ગત તા. ૭-૭-૨૦૧૬ના રોજ ઓશો લોટસ ચેરિટેબલ ટ્રસ્ટ, સુરતના પ્રમુખશ્રી રાકેશભાઈ સ્વામી, શ્રી અજિતભાઈ નાયકે ઉપકુલપતિશ્રી ભાસ્કર રાવલ, પ્રિ. ડૉ. કે.એન. ચાવડાની ઉપસ્થિતિમાં કા. કુલસચિવશ્રી અરવિંદ ધડુકને રૂપિયા પાંચ લાખનો ચેક અર્પણ કર્યા હતો.

## સમર ફિટનેશ કેમ્પ






વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ભારતની એવી એક યુનિવર્સિટીઓ પૈકી છે જે પ્રતિવર્ષ પોતાના ખેલાડીઓ માટે સમર ફિટનેસ કેમ્પનું આયોજન કરે છે. આ વર્ષે તા. ૨૪-૫-૧૬ થી તા. ૧૩-૬-૧૬ દરમ્યાન યોજાયેલા સમર ફિટનેસ કેમ્પમાં લગભગ ૧૨૦ ખેલાડી ભાઈઓ-બહેનોએ કોચીંગનો લાભ લઈને પોતાની શકિત વિકાસ થાય એ દિશામાં આરંભ કર્યો હતો. ઉપકુલપતિશ્રી ડૉ. ભાસ્કર રાવલના પ્રમુખપદે યોજાયેલા પૂર્ણાહુતિ સમારંભમાં બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેન કિરીટસિંહ વાસદીયા ઉપસ્થિત રહયા હતા. ડૉ. ભાસ્કર રાવલએ જણાવ્યું કે રમત-ગમતમાં સિધ્ધિ હાંસલ કરવાથી સમાજ જીવનમાં મહત્વનું સ્થાન પ્રાપ્ત થાય છે. એટલું જ નહી વ્યવસ્થા ક્ષેત્રે પણ સરકારી, પ્રાઈવેટ, કો-ઓપરેટીવ કે અન્ય તમામ ક્ષેત્રમાં નોકરી અને વ્યવસાયની તક પણ ઉજળી બને છે. ભવિષ્યમાં તમને આ કેમ્પમાં મળેલી ટ્રેનીંગ ઉપયોગી થાય અને તમે તમારી યુનિવર્સિટીનું નામ રાષ્ટ્રીય કક્ષાએ ઉજાળો તેવી શુભેચ્છા. આ સમારંભમાં ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી ટુર્નામેન્ટમાં વિજતા ખેલાડીઓને રોકડ પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા. બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી કિરીટસિંહ વાસદીયાએ વિદ્યાર્થીઓની મહેનત બિરદાવી હતી અને શુભેચ્છા પાઠવી હતી. નિયામકશ્રી પોલ ડેવિડે કેમ્પ અંગે વિગતવાર માહિતી આપી હતી. ખેલાડીઓ તરફથી પ્રિયંકર ઠાકોર અને અવિનાશ વસાવાએ ફિટનેસ કેમ્પની સમગ્ર ગતિવિધિઓને જીવનમાં ઉપયોગી બનાવવાની ખાત્રી આપી હતી. તેમજ પ્રસ્તુત કેમ્પ વર્ષ દરમ્યાન બે વખત રાખવાની વિનંતી કરી હતી. સમર ફિટનેસ કોચીંગ કેમ્પના કોચશ્રી રાજુ ભાલાવાલા, શ્રી કેતન પટેલ અને શ્રી ચેતન પટેલનું ઉપકુલપતિશ્રી ડૉ. ભાસ્કર રાવલને હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આભાર વિધિ શ્રી આર.સી. ભાલાવાલાએ કરી હતી અને સંચાલન ડૉ. રોમન ભાટિયાએ કરી હતી.

## લાઈબ્રેરિ ઓરિએન્ટેશન



યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ યુનિવર્સિટી ગ્રંથાલયની વિવિધ વાચનસામગ્રી, સેવાઓથી માહિતગાર થાય તે હેતુથી 'લાઈબ્રેરિ ઓરિએન્ટેશન'નો કાર્યક્રમ ગ્રંથાલયમાં પ્રતિ વર્ષ શૈક્ષણિક સત્રના પ્રારંભે યોજવામાં આવે છે. તા. ૪-૭-૧૬ના રોજ યુનિવર્સિટીના એજયુકેશન ડિપાર્ટમેન્ટ દ્વારા આ કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવેલ છે. જેમાં માસ્ટર ઓફ એજયુકેશનના ૧૫ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ અને પ્રા. શ્રી સારિકાબેન ચૌહાણ દ્વારા યુનિવર્સિટી ગ્રંથાલયની મુલાકાત લેવામાં આવી હતી. શ્રી એચ. વી. પટેલ (ટેકનિકલ આસિસ્ટન્ટ) દ્વારા ગ્રંથાલયના વિવિધ વિભાગો, સેવાઓ અને વાચન સામગ્રી અને તેની શોધ કેવી રીતે કરવી ? તે અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.



'લાઈબ્રેરિ ઓરિએન્ટેશન' કાર્યક્રમ અંતર્ગત તા. ૭-૭-૨૦૧૬ના રોજ યુનિવર્સિટીના મહાત્મા ગાંધી ડિપાર્ટમેન્ટ ઓફ રુરલ સ્ટડિઝ દ્વારા યુનિવર્સિટી ગ્રંથાલયની મુલાકાત લેવામાં આવી હતી. જેમાં એમ.આર.એસ. સિમેસ્ટર-૧ના ૪૪ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ અને પ્રા. શ્રી પરેશ સાલ્વે અને પ્રા. ડૉ. દિપક ભોયે ઉપસ્થિત રહયા હતા. શ્રી એચ.વી. પટેલ અને સ્ટાફ દ્વારા ગ્રંથાલયના વિવિધ વિભાગો, સેવાઓ અને વાચનસામગ્રી અને તેની શોધ કેવી રીતે કરવી ? તે અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.



'લાયબ્રેરિ ઓરિએન્ટેશન' કાર્યક્રમ અંતર્ગત તા. ૭-૭-૨૦૧૬ના રોજ યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ એકવેટિક બાયોલોજી દ્વારા યુનિવર્સિટી ગ્રંથાલયની મુલાકાત લેવામાં આવી હતી. જેમાં વિભાગના ૧૭ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ અને પ્રા. શ્રી કિંજલ કે. સંગાની ઉપસ્થિત રહયા હતા. શ્રી એચ.વી. પટેલ અને સ્ટાફ દ્વારા ગ્રંથાલયના વિવિધ વિભાગો, સેવાઓ અને વાચનસામગ્રી અને તેની શોધ કેવી રીતે કરવી? તે અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

# કોલેજ ન્યૂઝ

## વ્યાખ્યાન

બી.જે. પટેલે કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં યુનિવર્સિટી પુરસ્કૃત આંતરકોલેજ વ્યાખ્યાનમાળા અંતર્ગત વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલે મહેમાનશ્રીને આવકારી પ્રાસંગિક ઉદ્‌બોધન રજૂ કર્યું હતું. ત્યારબાદ વ્યાખ્યાનમાળાના વકતા તરીકે ઉપસ્થિત કામરેજની શ્રીમતી વી.આર. ભકત શિક્ષણ મહાવિદ્યાલયના એસોસિએટ પ્રોફેસર ડૉ. ધર્મેન્દ્રભાઈ દેસાઈએ તાલીમાર્થીઓને શતાંશસ્થ અને પ્રતિશત ક્રમાંક વિશે એલ.સી.ડી. પ્રોજેકટર દ્વારા તેમજ ગણતરી દ્વારા વિસ્તૃત સમજ આપી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. મીનાબેન પરમારે તથા આભારવિધિ ડૉ. કનુભાઈ સ્વાગીયાએ કરી હતી.

## સ્વચ્છ ભારત મિશન




ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલયના 'સ્વચ્છ ભારત મિશન' અંતર્ગત રાષ્ટ્રીય સેવા યોજના તેમજ બી.પી. બારીયા સાયન્સ ઈન્સ્ટિટયૂટ, નવસારી દ્વારા તા. ૨૨-૩-૧૬ના રોજ કોલેજ કેમ્પસથી એક રેલી કાઢવામાં આવી હતી જેમાં એન.એસ.અસ.નાં સ્વયંસેવકો, આચાર્ય શ્રીમતી ડૉ. ડી. વાય. ચાંપાનેરી તથા સ્ટાફમિત્રો જોડાયા હતા. રેલી કોલેજ કેમ્પસથી શરૂ કરી ફુવારા થઈને એન.એસ.એસ. દ્વારા લેવાયેલ દત્તક વિસ્તાર રૂસ્તમવાડી થઈને શાંતાદેવી માર્ગ પરથી પસાર થઈ હતી. રેલીમાં સ્વયંસેવકો દ્વારા સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સ્લોગનો, નારાઓ તથા તેના સંદર્ભના ગીતો દ્વારા લોકો સુધી સંદેશો પહોંચાડવાના પ્રયત્નો કરવામાં આવ્યા હતા. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરો તેમજ આચાર્યશ્રીએ આ રેલીને સફળ બનાવવા ખુબ જ પ્રોત્સાહન આપ્યું અને સંપૂર્ણ સહકાર આપ્યો હતો.

## વાર્ષિકોત્સવ

રોફેલ આર્ટસ-કોમર્સ કોલેજ, વાપીમાં તા. ૨૯-૨-૧૬ના રોજ યોજાયેલ વાર્ષિકોત્સવમાં કોલેજના પૂર્વ વિદ્યાર્થી અને સેલવાસ નગરપાલિકાના પ્રમુખશ્રી રાકેશસિંહ ચૌહાણનું પ્રિ. ડૉ. હેમાલીબેન દેસાઈએ શાલ ઓઢાડી બહુમાન કર્યું હતું. આ પ્રસંગે પ્રમુખશ્રીએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપે ૨૧,૦૦૦ રૂપિયા પુરસ્કાર અર્પણ કર્યા હતા. તેમજ વર્ષ ૨૦૧૬-૧૭થી આર્થિક રીતે નબળા ૧૫ વિદ્યાર્થીઓને દત્તક લીધા છે. કાર્યક્રમનું સંચાલન પ્રા. નટુભાઈ પટેલ અને પ્રા. જયાબેન પરમારે કર્યું હતું.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના વિદ્યાર્થી સંઘના ઉપક્રમે શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬નો વાર્ષિક કાર્યક્રમ સાંસ્કૃતિક સમિતિના નેજા હેઠળ ઉજવવામાં આવ્યો હતો. કાર્યક્રમને પ્રિ. ડૉ.

જે.એમ. નાયકની પ્રેરણા તથા પ્રા. ડૉ. ડી.જી. ઠાકોરનું માર્ગદર્શન સાંપડયું હતું. કાર્યક્રમનું સંચાલન કુ. નૂરેન જટ તથા કુ. ઝીલ દેસાઈએ કર્યું હતું. અંતે શિક્ષકો પ્રતિ આદર જગાવતી કૃતિ રજૂ કરી વિદ્યાર્થીઓએ માહોલને ગરિમાપૂર્ણ બનાવ્યો હતો.

## મુલાકાત

શાહ એન.એચ. કોમર્સ કોલેજના વિદાઈ લઈ રહેલા એમ.કોમ.ના વિદ્યાર્થીઓની શુભેચ્છા મુલાકાતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન વિવિધ ફેકલ્ટીઓના અગ્રણીઓ કોલેજમાં પધારીને વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી હતી. પ્રિ. ડૉ. જે.એમ. નાયકે આ મહેમાનોનો ટૂંકો પરિચય આપી પુસ્તક પુષ્પથી આવકાર્યા હતા. આ પ્રસંગે પ્રિ. ડૉ. વી.ડી. નાયકે વિદ્યાર્થીઓને સારા વિચારો, આપણાં સારા વર્તન માટે કારણભૂત બને છે એમ જણાવી સદ્‌વાંચન અને સદ્‌વર્તનથી જિંદગી સજાવવા આહ્‌વાન કર્યું હતું. ડૉ. અપૂર્વભાઈ દેસાઈએ હવે પછીની જિંદગીમાં સુરક્ષા કવચ વિના જીવવાની અનુકૂળતા કેળવી સફળ થવું પડશે એમ જણાવી કોલેજને ગૌરવ અપાવે તેવી વર્તણૂંક મોટ માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે પ્રિ. ડૉ વી.ડી. નાયક, ડૉ. અપૂર્વ દેસાઈ, પ્રિ. ડૉ. જે.ટી. ચૌધરી, પ્રા. ડૉ. જયદીપ ચૌધરી, પ્રા. ડૉ. મુકેશ મહીડા, શ્રી કિરીટભાઈ પટેલ, પ્રા. ડૉ. જીજ્ઞા દેસાઈ તથા પ્રિ. ડૉ. પંકજ દેસાઈએ એમ.કોમ.ના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પ્રેરણા પૂરા પાડયાં હતાં.

## વિમોચન

બી.જે. પટેલ બી.એડ્. અને બી.સી.એ. કોલેજ બારડોલીમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ ઉજવણી અને ૨૦૧૫-૧૬ના વર્ષનું વાર્ષિક મુખપત્ર "પાથેય વિમોચન"નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ વર્ષ રાજય સરકાર દ્વારા ભારત રત્ન ડૉ. બાબા સાહેબ આંબેડકરજીની ૧૨૫મી જન્મ જયંતિ સમગ્ર રાજયમાં ઉજવવાનું નકકી કરેલ હોવાથી કોલેજ દ્વારા "ભારતીય સંવિધાનના શિલ્પી ડૉ. બાબા સાહેબ આંબેડકર" વિષયને કેન્દ્રમાં રાખીને વિશેષાંક સ્વરૂપે તૈયાર કરવામાં આવ્યું છે. આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલે મહેમાનોને આવકારી પ્રાસંગિક ઉદ્‌બોધન રજૂ કર્યું હતું. પાથેય (અંકઃ ૧૪, ૨૦૧૫-૧૬)નું વિમોચન સિદ્ધાર્થ લૉ કોલેજ, કામરેજના આચાર્ય ડૉ. વિક્રમભાઈ દેસાઈના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ પટેલ તથા સભ્ય શ્રી કશ્યપભાઈ પટેલ પણ ઉપસ્થિત રહયા હતા. ડૉ. વિક્રમભાઈ દેસાઈએ ડૉ. બાબા સાહેબ આંબેડકર દ્વારા તૈયાર થયેલ ભારતના બંધારણ વિશે ખુબ સુંદર રીતે પોતાનું મનનીય પ્રવચન રજૂ કર્યું હતું. આભારવિધિ પ્રા. ડૉ. મીનાબેન પરમારે તથા સંચાલન પ્રા. કૌશિકભાઈ સોલંકીએ કર્યું હતું.

## ડિઝીટલ ઈન્ડિયા

શાહ એન.એચ. કોમર્સ કોલેજ વલસાડ, શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટસ કોલેજ, શ્રી બી. કે. એમ. સાયન્સ કોલેજ, શ્રી કે.એમ. લૉ કોલેજ તથા દોલત ઉષા ઈન્સ્ટીટયૂટ ઓફ મેનેજમેન્ટના ૬૫૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓ વૈશ્વિક પ્રવાહો સાથે કદમ મિલાવી કારકિર્દી ઘડતર કરે તેવા શુભ આશયથી 'ફ્રી વાઈ-ફાઈ ફેસીલીટી' તથા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા પ્રેરિત 'ડિજીટલ ઈન્ડીયા' કાર્યક્રમ અંતર્ગત 'ફ્રી કમ્પયુટર કલાસ' સુવિધાઓનું મંગલાચરણ નૂતન કેળવણી મંડળના માનદ્ સહમંત્રી શ્રી જનકભાઈ દેસાઈ, કેમ્પસ ડાયરેકટર ડૉ. સુનિલ મરજાદી, પ્રિ. ડૉ. પંકજ દેસાઈ, પ્રિ. ડૉ. જે.ટી. દેસાઈ, પ્રિ. ડૉ. બુટાણી, પ્રિ. ડૉ. વિકાસ દેસાઈ, કવેસ્ટ કંપનીના કર્મચારી રાજેશ પાનવાલા, રોજગાર કચેરીના શ્રી ગાંધી, મોટી સંખ્યામાં ઉપસ્થિત અધ્યાપકો અને વિદ્યાર્થીઓની હાજરીમાં મા સરસ્વતિ સમક્ષ દીપ પ્રાગટય કરીને કરી હતી. પ્રિ. ડૉ. જે.એમ. નાયકે આ સુવિધા પ્રાપ્ત થવા બદલ નૂતન કેળવણી મંડળનો આભાર વ્યકત કરી કાર્યક્રમને શુભેચ્છા પાઠવી હતી. વિવિધ વકતાઓએ બંને સુવિધાઓ પ્રાપ્ત થતાં અધ્યાપકો અને વિદ્યાર્થીને ખૂબ જ મદદકર્તા સાબિત થશે તેવો આશાવાદ વ્યકત કરી વિદ્યાર્થીઓ વધુમાં વધુ લાભ લે તેમ અપેક્ષા સેવી હતી. શ્રી રાજેશ પાનવાલાએ કવેસ્ટ કંપની વતી આ સુવિધાની વિસ્તૃત માહિતી પૂરી પાડી ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકેનું ઋણ અદા કરવાની ચેષ્ટારૂપે વલસાડમાં કાર્યક્રમ સફળ રહે તેવી આશા વ્યકત કરી હતી. રોજગાર કચેરીના કર્મચારી શ્રી ગાંધીએ પણ વધુને વધુ વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં જોડાઈને વિશ્વ સાથે કદમ મિલાવવાની હાકલ કરી હતી. જુદી જુદી કોલેજના આચાર્યશ્રીઓએ આ સુવિધા બદલ નૂતન કેળવણી મંડળ તથા કંપની તથા કચેરીનો આભાર વ્યકત કર્યો હતો. આ પૂર્વ મહાનુભાવોનું સ્વાગત પુષ્પથી ડૉ. મરજાદીએ તથા પુસ્તક પુષ્પથી વલસાડ કોમર્સ કોલેજ વતી પ્રા. આર.પી. પટેલે કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રા. કે.આર. ભાવસાર તથા આભારવિધિ પ્રિ. ડૉ. જે.ટી. દેસાઈએ આટોપી હતી.

## યોગ દિવસ

- એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણી પ્રસંગે વિદ્યાર્થીઓને તા. ૧૬, ૧૭, ૧૮, અને ૨૦-૬-૧૬ના રોજ સરકારશ્રીના પૂર્વનિર્ધારિત આયોજન મુજબ વિવિધ પ્રકારના પ્રાણાયામ તથા યોગાસનો પ્રોજેકટર પર વિદ્યાર્થીઓને બતાવીને પ્રેકિટસ કરાવવામાં આવી હતી. તેમજ ૨૧મી જુનના રોજ વિવિધ પ્રકારના પ્રાણાયામ તથા યોગાસનોનું યોગ શિક્ષકો સર્વશ્રી વિજયભાઈ ટી. દાદાવાળા તથા શ્રી વિનોદભાઈ એન્જિનીયરે નિદર્શન કર્યું હતું તે મુજબ વિદ્યાર્થીઓએ પ્રાણાયામ તથા યોગાસનો કરી આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરી હતી. કાર્યક્રમનું સંચાલન કો-ઓર્ડિનેટર પ્રા. યોગેશ જે. દેસાઈ તથા પ્રા. સોનલબેન એસ. વસાવાએ, પ્રિ. ડૉ. ભારતીબેન એમ. પંચોલીના માર્ગદર્શન હેઠળ કર્યું.
- સાર્વજનિક એજયુકેશન સોસાયટી, સુરત સંચાલિત પાંચ કોલેજોનું સાથે સંયુકત ઉપક્રમે એમ.ટી.બી. કોલેજ ઓફ આર્ટ્સના ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે તા. ૨૧મી જૂન ૨૦૧૬ના દિવસે સવારે ૭.૦૦ કલાકે દ્વિતીય આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, ઈવનીંગ કોમર્સ કોલેજ, એમ.ટી.બી. આર્ટસ કોલેજ, સર પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, તથા શ્રી રામક્રિષ્ણા ઈન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર એજયુકેશન એન્ડ એપ્લાઈડ સાયન્સના તમામ આચાર્યો, અધ્યાપકો, વહીવટી સ્ટાફ, ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ તથા એન.સી.સી.ની ૬ બટાલીયન વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. રાષ્ટ્રીય કક્ષાના યોગા સ્પર્ધક પારેખ યશ, વરીયા મિતેશ, કુંભાની જેનીશ અને સેલડીયા જીલે યોગાસનો, બેઝીક વોર્મ-અપ, તથા પ્રાણાયામ કરાવ્યા હતા. તદ્‌પરાંત તેઓએ યોગાસનનું ૧૦ મિનિટનું ખુબ જ અદ્‌ભુત ડેમોનસ્ટ્રેશન પણ કર્યું હતું.
- શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા. ૨૧-૬-૧૬ના રોજ વિશ્વ યોગદિનની ઉજવણી કરવામાં આવી હતી. આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકના માર્ગદર્શન હેઠળ યોજાયેલ કાર્યક્રમમાં એન.એસ.એસ., એન.સી.સી. અને અન્ય વિદ્યાર્થી ભાઈ-બહેનો, સમગ્ર સ્ટાફ પરિવારના સભ્યો, આચાર્ય સહિત ઉપસ્થિત રહયા હતા. વલસાડના યોગાચાર્ય શ્રી ભાવેશભાઈ ટ્રેલર, કુ. જહાનવી, કુ. નીલમ તથા કુ. આરતીએ યોગના વિવિધ આસનો અને જરૂરી પ્રાણાયામોનું જીવંત નિદર્શન કરી શીખવાડયા હતા અને સમુહમાં અભ્યાસ પણ કરાવ્યો હતો. કાર્યક્રમની ઉજવણીના ભાગરૂપે યોગાભ્યાસુઓને યોગ

રિસર્ચ અંગેની જાણકારી આપતા માહિતી નિર્દેશક પત્ર તથા યોગમુદ્રા દર્શાવતા પત્રકોની વહેંચણી કરવામાં આવી હતી તથા વિદ્યાર્થીઓ માટે 'યોગ એ જીવન જીવવાની જડીબુટ્ટી' વિષય ઉપર યોજાયેલ નિબંધના વિજેતા સ્પર્ધકોને ઉપસ્થિત વિવિધ કોલેજના આચાર્યોના હસ્તે ઈનામો પણ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ડૉ. દક્ષેશ ઠાકોરે કર્યું હતું. જયારે વ્યવસ્થા એન.એસ.એસ. પ્રો. ઓફિસર શ્રી વી.આર. ચાંપાનેરી, એમ.એ. મુલ્લા તથા મુકેશભાઈ પટેલ અને એસ.સી.સી.ના કેડેટસોએ સંભાળી હતી. અંતે અલ્પાહાર કરી રાષ્ટ્રગીતનું ગાન કરી સહુ છુટા પડયા હતા.

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા. ૧૩-૬-૧૬ના પરીપત્ર ક્રમાંક - CHE/KCG/યોગ /૨૦૧૬/૫૮૨ અનુસાર તા. ૧૪-૬-૧૬ થી તા. ૨૦-૬-૧૬ અને તા,. ૨૧-૬-૧૬ના રોજ શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં આંતરાષ્ટ્રીય યોગ દિવસના કાર્યક્રમની સવારે ૭.૦૦ કલાકે શરૂઆત થઈ હતી. સૌ પ્રથમ શ્લોકગાન, શારીરિક આંતરિક અવયવોના પરિભ્રમણ માટે કસરત કરાવવામાં આવી ત્યારબાદ યોગાસનનું મહત્વ સમજાવી વિવિધ આસનો કરાવવામાં આવ્યા. કપાલભાતિ પ્રાણાયામમાં બી.એડ્. સેમેસ્ટર-૧ અને બી.એડ્. સેમેસ્ટર-૩ના તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. આંતરિક યોગ તજજ્ઞ એવા પ્રિ. શ્રી કિશોરભાઈ આર. નાયકે યોગ તાલીમ આપી હતી. યોગના કાર્યક્રમમાં સંસ્થાનો શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક સ્ટાફ પણ જોડાયા હતા.

બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં "વિશ્વ યોગ દિન" નિમિત્તે તાલીમાર્થીઓમાં શારીરિક તંદુરસ્તીનું મહત્વ સમજાય તે હેતુથી પ્રાણાયામ અને યોગાસનોનું આયોજન આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. યોગની અનિવાર્યતાને ધ્યાનમાં રાખીને કોલેજના પ્રાંગણમાં તાલીમાર્થીઓ તથા સ્ટાફના સૌ સભ્યો દ્વારા સામૂહિક રીતે પ્રાણાયામ તથા યોગસનો કરવામાં આવ્યા. તાડાસન, પશ્ચિમોત્તાસન, પાદમુકતાસન, પવનમુકતાસન, ત્રિકોણાસન, વૃક્ષાસન, અર્ધચક્રાસન, ભૂંજગાસન, સસકાસન, શવાસન, પ્રાણાયામ, અનુમોલ વિલોમ, કપાલભાતી તથા ધ્યાન વગેરે જેવા આસનોનું નિદર્શન શિક્ષકશ્રી પ્રવિણભાઈ ચૌધરીએ કર્યું હતું અને આસનોથી શરીરને થતા ફાયદા પણ સમજાવવામાં આવ્યા હતા.

## સેમિનાર

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા. ૨૧-૬-૧૬ના રોજ પ્રજાપિતા બ્રહ્માકુમારી વલસાડના સૌજન્યથી પ્રિ. ડૉ. જે.એમ. નાયકના માર્ગદર્શન હેઠળ એફ.વાય.બી.કોમના વિદ્યાર્થીઓ માટે 'માઈન્ડ પાવર' ઉપર યોજાયેલ સેમિનારમાં વલસાડ બ્રહ્માકુમારી સેન્ટરના શ્રી રોહિતભાઈ દેસાઈ, માઈન્ડ પાવર ટ્રેનર શ્રી અનુજભાઈ તથા બ્રહ્માકુમારી સાહિત્ય પ્રકાશનના સંપાદક શ્રી ગંગાધરભાઈ ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમની શરૂઆતમાં ઉપસ્થિત મહેમાનોનું પુસ્તકોથી સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ. દક્ષા ઠાકોરે અને આભારવિધિ ડૉ. મીનાક્ષી જરીવાલાએ આટોપી હતી.

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલયે તા. ૨૫-૬-૧૬ના રોજ નવસારી જિલ્લાની માધ્યમિક શાળાઓના કુલ ૧૩૬ શિક્ષકો માટે "માધ્યમિક શાળાઓમાં થતાં અધ્યાપન કાર્યને અર્થસભર બનાવવામાં ICT નો વિનિયોગ" વિષયક એક દિવસીય સેમિનાર સંપન્ન કર્યો હતો. આ સેમિનારમાં ઉદ્‌ઘાટક તરીકે બીલીમોરા વિભાગ કેળવણી મંડળના સેક્રેટરી શ્રી મુકેશભાઈ મહેતા અને અતિથિ વિશેષ તરીકે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના EI શ્રી બી.એન. પટેલ તથા સેમિનારના પ્રમુખ વકતા ભાવનગર યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના પૂર્વ પ્રોફેસર ડૉ. નવીનભાઈ રાઠોડ ઉપસ્થિત રહયા હતા. કોર્સ ડાયરેકટર ડૉ. કિશોરભાઈ નાયકે સહુને આવકારી સેમિનારની પૂર્વભૂમિકા સ્પષ્ટ કરી હતી. તજજ્ઞ તરીકે શ્રી હિરેનભાઈ વ્યાસ, ડૉ. હાર્દિક અંધારિયા, શ્રી સુખદેવ હિંગુ, ડૉ. અમીત માલી જેઓએ Becoming Digital Facilitator-2020, e-Testing: Quiz Creating by WQC SW, Video Editing તમારો Blog કેવી રીતે બનાવશો? e-Learning: MOODLE: GNOMIO વેબસાઈટ વિષય પર પ્રશંસનીય વ્યાખ્યાન આપી નિર્દેશન કરાવ્યું હતું. સેમિનારના કોર્ડિનેટરશ્રી ડૉ. કલ્પેશભાઈ ટંડેલે વ્યવસ્થાપન અને આયોજન સુપેરે પાર પાડયું હતું. પ્રોજેકટ ડાયરેકટર અને પ્રિ. ડૉ. કિશોરભાઈ નાયકે ICT એ આજની માંગ છે એ શીખવી જ રહી એ વાત ભારપૂર્વક રજુ કરી હતી અને સતત સક્રિય રહી સેમિનાર માટે પ્રેરણાદાયી બની રહયા હતા. સમાપન સમારંભમાં સેમિનારના તજજ્ઞશ્રી ડૉ. નવનીતભાઈ રાઠોડેતમામ શિક્ષકોની તત્પરતાને બિરદાવી નવસારી જિલ્લો ICT ક્ષેત્રે ચોકકસ દાર્શનિક કામ કરી શકે એવી શ્રદ્ધા વ્યકત કરી હતી.

નવયુગ આર્ટ્સ કોલેજ, સુરતમાં તા. ૨૮-૬-૧૬ના રોજ 'નેશનલ ગૃપ'નાં ચેરમેન શ્રી શીરિષભાઈ પારેખ અને શ્રી શ્યામભાઈ દ્વારા ભારત સરકાર શ્રમ અને રોજગારી મંત્રાલય સૂચિત કોમ્પ્યુટરને લગતા વિવિધ અભ્યાસક્રમોની તાલીમ અંગે માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્યા શ્રીમતી ડૉ. જયોતિબેન નાયકે વિદ્યાર્થીઓની અભ્યાસની સાથે સાથે રોજગારીમાં ઉપયોગી એવી આવડત કેળવી લેવા અને સરકારશ્રીના આ પ્રોજેકટનો લાભ લેવા જણાવ્યું હતું. વિદ્યાર્થીઓ અને બી.એ. અને એમ.એ. પાસ થઈ ચૂકેલા વિદ્યાર્થીઓ પણ આ સેમિનારમાં જોડાઈને આ સેમિનારને સફળ બનાવ્યો હતો.

વૈજ્ઞાનિક તથા તકનીકી શબ્દાવલી આયોગ, માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકાર, નવી દિલ્હી દ્વારા ગુજરાત રાજયમાં પ્રથમવાર બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં તા. ૯ અને ૧૦ જુલાઈ ૨૦૧૬ દરમ્યાન "તકનિકી શબ્દાવલી એવં વિજ્ઞાન શિક્ષણ" વિષય પર બે દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું આયોજન આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં સિન્ડીકેટ સભ્યશ્રીઓ ડૉ. ઘનશ્યામ રાવલ અને પ્રિ. ડૉ. વિનોદભાઈ એન. પટેલ, એજયુકેશન ફેકલ્ટીના ડીન ડૉ. કિશોરભાઈ નાયક, ભારત એજયુકેશન ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ જે. પટેલ, ઉપપ્રમુખશ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી, બારડોલી નગરપાલિકાના ઉપપ્રમુખ શ્રી ભૂપતસિંહ ચાવડા, નવી દિલ્હી માનવ સંસાધન વિકાસ મંત્રાલય તરફથી સેમિનારના પ્રભારી એન્જિનીયર જયસિંહ રાવત, ડૉ. એસ.એસ. અન્સારી તથા શ્રી કરમચંદ શર્મા ઉપસ્થિત રહયા હતા. ડૉ. એસ.પી. અરોરા, ડૉ. ઉમ્મેદસિંઘ, ડૉ. અજય શર્મા, ડૉ. સી.પી. પોખરણા, ડૉ. વિનોદભાઈ જી. પટેલ, ડૉ. જી.એમ. મલીક, ડૉ. રમેશચંદ્ર સી. કોઠારી, ડૉ. કિશોરભાઈ સી. પોરીયાએ સેમિનારમાં તજજ્ઞ તરીકે લાભ આપ્યો હતો. જેના દ્વારા વિજ્ઞાન તથા ગણિત શિક્ષણમાં પ્રયોજાતી તકનીકી શબ્દાવલીની રચના, સિદ્ધાંતો, સમસ્યાઓ તેમજ તેના નિર્માણના જુદા-જુદા ભાગો વિશે ૧૦૦ થી પણ વધુ ભાગ લેનારને માહિતગાર કર્યા હતા. સમગ્ર સ્ટાફ મિત્રોએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉપાડી હતી.

## પુસ્તક

શાહ એન.એચ. કોમર્સ કોલેજની લાયબ્રેરી સમિતિના નેજા હેઠળ પ્રિ. ડૉ. જે.એમ. નાયકના માર્ગદર્શનથી યોજાતા પુસ્તક પરિચય હારમાળા કાર્યક્રમ અંતર્ગત તા. ૨૫-૬-૧૬ના રોજ નવસારીની નારણલાલા બી.એડ્. કોલેજના પ્રિ. ડૉ. ફાલ્ગુનીબેન વાંસિયા દ્વારા ઓશો રજનીશ લિખિત પુસ્તક "શિવસૂત્ર" નો

શ્રોતાઓનો પરિચય કરાવવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં પ્રા. કે.આર. ભાવસારે ઉપસ્થિત શ્રોતાઓને આવકાર્યા બાદ પ્રા. આર.પી. પટેલે વકતાનું પુસ્તકપુષ્પથી અભિવાદન કર્યું હતું. પુસ્તક પરિચય કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓ દ્વારા પૂછાયેલા પ્રશ્નોના ડૉ. ફાલ્ગુનીબેન વાંસિયા દ્વારા ઉત્તરો અપાયા બાદ લાયબ્રેરી સમિતિના અધ્યક્ષ પ્રા. કે.આર. ભાવસારે આભારવિધિ આટોપી હતી તથા સમુહમાં રાષ્ટ્રગીતના ગાન દ્વારા કાર્યક્રમની પૂર્ણાહૂતિ થઈ હતી.

## એન.એસ.એસ.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા. ૧૪-૬-૧૬ થી ૨૦-૬-૧૬ દરમ્યાન દરરોજ ૯૦ મિનિટ માટે પ્રિ. ડૉ. જે.એમ. નાયકના માર્ગદર્શન હેઠળ એન.સી.સી. અને એન.એસ.એસ.ના સંયુકત ઉપક્રમે એક યોગ ટ્રેનિંગનું આયોજન કોલેજ કેમ્પસ ઉપર આવેલ સંસ્કાર કેન્દ્ર ઉપર કરવામાં આવ્યું હતું. આ ટ્રેનિંગ વલસાડના પ્રતિષ્ઠિત યોગાચાર્ય શ્રી ભાવેશભાઈ ટેલર અને એમની ટીમના સભ્યો કુ. ઝરીના, કુ. નીલમ અને એમનાં ધર્મપત્ની શ્રીમતી મીનાબેનના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવી હતી. કોલેજની કુલ ૨૯૦ વિદ્યાર્થિનીઓએ તથા ૨૧૧ વિદ્યાર્થીઓએ તથા સમગ્ર શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ સભ્યોએ ભાગ લીધો હતો. શ્રી ભાવેશભાઈ ટેલરએ વિદ્યાર્થીઓ માટે યોગાભ્યાસનું મહત્વ સમજાવી જરૂરી યોગાસનો અને પ્રાણાયમો શીખવ્યા હતા. કાર્યક્રમની વ્યવસ્થા એન.એસ.એસ. પ્રો. ઓફિસરો ડૉ. દક્ષા ઠાકોર, શ્રી વિજય ચાંપાનેરી તથા શ્રી એમ.એ. મુલ્લાએ તથા શ્રી મુકેશભાઈ પટેલે સંભાળી હતી.

## દાન

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં સાડત્રીસ વર્ષ અર્થશાસ્ત્રના અધ્યાપક અને ત્યારબાદ ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમીકસના હેડ તરીકે નિવૃત્ત થયેલા વલસાડ-પારડીના પ્રા. ભરતભાઈ નાથુભાઈ દેસાઈ તરફથી તેમના માતૃશ્રી દુર્ગાબેન દેસાઈની સ્મૃતિ માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે રૂા. બે લાખનું દાન એમના ધર્મપત્ની શ્રીમતિ ઉષાબેન દેસાઈની હાજરીમાં પ્રિ. ડૉ. જેએમ. નાયકને આપીને ધન્યતા અનુભવ્યાનું જણાવ્યું હતું. આ દાનના વ્યાજમાંથી પ્રતિવર્ષ કોમર્સના પ્રથમ, દ્વિતીય અને તૃતીય વર્ષમાં અર્થશાસ્ત્ર વિષયમાં સૌથી વધુ ગુણ મેળવનાર તથા ટી.વાય.બી.કોમ.માં બેન્કિંગ વિષયમાં સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થી દરેકને રૂપિયા એક હજારનું પારિતોષિક આપવામાં આવશે. આ ઉપરાંત કોલેજ કક્ષાએ ભજન સ્પર્ધાનું આયોજન કરીને વિજેતાઓને ઈનામ આપવામાં આવશે. કોલેજમાં જે સહઅભ્યાસ પ્રવૃત્તિઓમાં ભાગ લઈને જે વિદ્યાર્થીઓ યુનિવર્સિટી કક્ષાએ તેમજ રાજય તેમજ રાષ્ટીય કક્ષાએ શ્રેષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને પણ ઈનામ આપવામાં આવશે. કોલજમાં ચાલતા એન.સી.સી. યુનિટના કેડેટસ પૈકી જેઓ આર. ડી.સી. કેમ્પમાં ભાગ લેનાર વિદ્યાર્થીને પણ રૂપિયા એક હજારનું ઈનામ કોલેજમાં યોજાતા વાર્ષિકોત્સવ અને પારિતોષિક વિતરણ સમારોહમાં મહાનુભાવોના હસ્તે એનાયત કરવામાં આવશે.

## ઉજવણી

- બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં તા. ૧૯-૭-૧૬ના રોજ ગુરુપૂર્ણિમા નિમિત્તે આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌ ગુરુજનોનું પુસ્તકપુષ્પ, પુષ્પગુચ્છ અને કુમ કુમ તિલકથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ગ્રંથપાલશ્રી અશોકભાઈ રાઠોડે ગુરુપૂર્ણિમા વિશે વકતવ્ય આપ્યું હતું અને આ દિવસે કાર્યરત "તરતા પુસ્તકો" કાર્યક્રમ અંતર્ગત ૧૬ જેટલા પુસ્તકો ગૃપમાં તરતા મુકવામાં આવ્યા હતા. આ પ્રસંગે પ્રા. પ્રશાંતભાઈ રાણાએ ગુરુનું મહત્વ દર્શાવતું વકતવ્ય રજૂ કર્યું હતું. ત્યારબાદ તાલીમાર્થીઓ દ્વારા ગુરુ વિશે ભજન, દોહા, સુવિચાર, વકતવ્ય વગેરે જેવી વૈવિધ્યસભર કૃતિઓ રજૂ થઈ હતી. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થીની વિસપૂતે મિલનબેને તથા આભારવિધિ ભાવિનીબેન શાહે રજૂ કરી હતી. અલુણાવ્રત નિમિત્તે કોલેજમાં મહેંદી સ્પર્ધા અને કેશગૂંફન સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં મહેંદી સ્પર્ધામાં પ્રથમ ક્રમે ડોડિયા રિદ્ધિબેન પી. અને કેશગૂંફન સ્પર્ધામાં પ્રથમ ક્રમે ચૌધરી મિલનબેન આર. વિજેતા રહયા હતા. નિર્ણાયક તરીકે સૌ અધ્યાપકોએ સેવા પૂરી પાડી હતી.
- ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન, સુરતમાં ટેલેન્ટ ડેની ઉજવણી પ્રસંગે તાલીમાર્થીઓએ નાટક, ગીત, પેપર ક્રાફ જેવી પ્રતિભાઓ તાલીમાર્થીઓ દ્વારા રજૂ કરી કાર્યક્રમને સફળ બનાવાયો હતો. કાર્યક્રમનું આયોજન પ્રા. કેતકીબેન પંડયાના માર્ગદર્શનમાં કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું તથા તા. ૨૧-૬-૧૬ના રોજ વિમેન એમ્પાવરમેન્ટ સેલના તથા કોલેજના ઉપક્રમે કોલેજના પ્લેગ્રાઉન્ડ પર યોગા કાર્યક્રમનું આયોજન થયું હતું. જેમાં આર્ટ ઓફ લિવિંગના શ્રી યજ્ઞેશભાઈ પટેલ અને તેમના ગ્રુપ દ્વારા યોગા કરાવવામાં આવ્યા હતા.
- શ્રી એસ.આર. પટેલ બી.એડ્. કોલેજ, સુરતમાં તા. ૧૯-૭-૧૬ના રોજ ગુરુપૂર્ણિમા મહોત્સવમાં નિયામક શ્રી મહેશભાઈ પટેલે ગુરુ વિશેના વિચારો વ્યકત કર્યા હતા. તાલીમાર્થીઓએ ગુરુનો મહિમા દર્શાવતા કબીરના દોહા, નાટક, વકતવ્યો તથા પી.પી.ટી. રજૂ કરી હતી. આચાર્યશ્રી અરવિંદભાઈ ટાંકે અને પ્રા. અરવિંદભાઈ વણકરે પણ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી તાલીમાર્થીઓને આશીર્વચન પાઠવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી પટેલ ભાવિકા અને રાઠોડ શીતલે અને આભારવિધિ તાલીમાર્થી પટેલ દિવ્યાએ કરી હતી.

VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. Babulal Ankuya,** Assistant Librarian
**Published by : Arvind V. Dhaduk, I/c Registrar**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com